# શહેરની હૉટલો અને બગીચાઓ 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણીથી છલકાયા

ગાંધીનગર, તા. ૪

વાત-વાત પર લડતા-ઝઘડતા નાની-નાની વાતમાં રીસામણા અને મનામણા કરતા મિત્રોનો ખાસ દિવસ એટલે ફ્રેન્ડશીપ ડે.

દર વર્ષે ઓગષ્ટ માસના પ્રથમ રવિવારે સેલિબ્રેટ કરવામાં આવતા આ ફ્રેન્ડશીપ ડે ને સૌ કોઈ પોતપોતાની રીતે કંઈક અગલ અલગ રીતે ઉજવણી કરતા હોય છે. યુવાનો સવારથી જ એક બીજાને મોબાઈલ પર મેસેજ કરી અથવા રૂબરૂ મળી શુભેચ્છાઓ આપી હતી. ગાંધીનગરમાં આવેલી હોટલો, રેસ્ટોરન્ટ, કોફીશોપ, થેટર અને મોલ તેમજ જાહેર બગીચામાં યુવાનોની ભારે ભીડ જોવા મળી હતી. આજના મિત્રતા દિવસે યુવાનો અવનવા રંગબેરંગી કપડા પહેરી બાઈકો અને કારમાં ફરતા નજરે પડ્યા હતા. તો કેટલા મિત્રોએ એક સાથે





ત્યારે આ દિવસને ખાસ અને યાદગાર બનાવવા માટે ગાંધીનગર શહેરમાં પણ યુવાનો પોતાના મિત્રો માટે ફ્રેન્ડશીપ બેલ્ટ ખરીદવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા. ઠેર ઠેર ગીફ્ટ આર્ટીકલ્સની દુકાનોમાં યુવા હૈયાઓ ઉમટી પડ્યા હતા. ફિલ્મ નિહાળવા ગયા હતા તો કેટલા મિત્રોએ પોતાના નવા અને જુના મિત્રો સાથે જૂની શાળા અને કોલેજોની યાદોને તાજી કરી હતી તો ઘણા મિત્રોએ એક સાથે ભોજન કરવાનું પસંદ કર્યુ હતું.

# સતત વરસાદના પગલે શહેરના માર્ગોનું ધોવાણ

## ચોમાસુ ટ્રીટમેન્ટ જરૂરી : માર્ગો પર ઉડતી ડામરની કાંકરીઓથી વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા. ૪

શહેરમાં છેલ્લા એક મહીનાથી સતત ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગોનું ધોવાણ થયું છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેક્ટરોના આંતરિક માર્ગો કાચબાની પીઠ જેવા થઈ ગયા છે. વરસાદમાં ધોવાણ થયેલા માર્ગોના લીધે ડામરની કાંકરીઓ ઉડતા વાહનચાલકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. વરાપ નીકળતા માર્ગોની યોગ્ય સફાઈ સાથે જરૂરી ઠેકાણે સમારકામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં સતત વરસાદના લીધે સેક્ટરે-સેક્ટરે અનેકવિધ સમસ્યાઓ ઉદ્દ્ભવી છે. વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ-કીચડ અને ગંદકી ફેલાતા વરસાદી વાદળો સાથે રોગચાળાની આફતે પણ ઘેરાવો નાંખ્યો છે. સફાઈ વ્યવસ્થાના અભાવે વરસાદી પાણીમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. જ્યારે સતત ટપકતા વરસાદી પાણીના લીધે રહેણાંક વિસ્તારમાં અસહ્ય ગંદકીની સાથે મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઉદ્દ્ભવ્યા છે. બીજી તરફ શહેરનું રોડ નેટવર્ક પણ વરસાદી પાણીથી પ્રભાવિત થયું છે. છેલ્લા એક મહીનાથી વરસતા વરસાદના હળવા ભારે ઝાપટાના લીધે શહેરના માર્ગોનું ધોવાણ થતા મોટાભાગના રસ્તાઓ અત્યંત ખરબચડા બન્યા છે. કેટલાક ઠેકાણે ઉબડ-ખાબડ માર્ગોના લીધે વાહનચાલકોએ હાલાકી ભોગવવી પડે છે. જ્યારે જે માર્ગોનું થોડા સમય પૂર્વે નવીનીકરણ થયું નથી તેવા રસ્તાઓની હાલત તદ્દન બિસ્માર જોવા મળે છે. ઘ-૨ થી ચ-૨ વચ્ચેના ડીસ્કો માર્ગના લીધે રહીશો તોબા પોકારી ગયા છે. શહેરના મુખ્ય અને આંતરિક માર્ગોને વરસાદી પાણીના લીધે નુકશાન થતાં માર્ગો પરથી ડામરની કાંકરીઓ ઉખડી ગઈ છે. વરસાદમાં ધોવાયેલા રસ્તાઓના લીધે માર્ગો પર ઉડતી કાંકરીઓના લીધે વાહનચાલકોની હાલત કફોડી બની છે. ત્યારે વરાપના સમયે માર્ગોની સફાઈ તેમજ જરૂરી ટ્રીટમેન્ટ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ઉઘાડ નીકળતા જનજીવનમાં રાહત

## શનિવારે ધોધમાર વરસાદ બાદ રવિવારે તડકો નીકળ્યો : જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો

ગાંધીનગર, તા. ૪

ઘણા દિવસો બાદ શહેરમાં તડકો નીકળ્યો હતો. થોડાક છાંટાને બાદ કરતા આજે આખો દિવસ ઉઘાડ નીકળ્યો હતો. ઉઘાડ નીકળતા સૌએ રાહતનો શ્વાસ લીધો છે.

શનિવારે રાત્રે શહેરમાં મેઘાએ ધબધબાટી બોલાવી હતી અને એક સાથે પાંચ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. આખુ શહેર પાણી પાણી થઈ ગયુ હતુ. ગઈકાલે બપોરે વરસાદ બંધ રહ્યા બાદ આજે પણ વરસાદ સાવ રોકાઈ ગયો હતો. આછા વાદળોની અવરજવર વચ્ચે તડકો નીકળ્યો હતો. ઉઘાડ નીકળતા ગૃહિણીઓ ખુશ થઈ ગઈ હતી અને ભેજવાળા કપડાં તડકે નાંખ્યા હતા. રવિવારની રજા હોવાથી ઉઘાડ નીકળતા પેન્ડીંગ કામો પણ વસાહતીઓએ પતાવ્યા હતા. બપોર બાદ વસાહતીઓ ઉઘાડનો ફાયદો લઈ ફરવા નીકળી પડ્યા હતા. સાબરમતી નદીના બંને બ્રીજ પર નગરજનોની ભીડ દેખાતી હતી. કેટલાક તો લોંગ ડ્રાઈવ લઈ છેક નર્મદા સાયફન સુધી જઈ આવ્યા હતા. ઘણા દિવસો બાદ ઉઘાડભર્યુ સ્વચ્છ વાતાવરણ રહ્યુ હતુ. જો કે સાથે જ જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. રાત્રે બારી-બારણા બંધ રાખવાની વસાહતીઓને પરજ પડી હતી. કીડી-મકોડા અને ઉધાઈ સહિતના જીવજંતુઓથી વસાહતીઓ ત્રાસ્યા છે. મચ્છરોનો ઉપદ્રવ પણ ખુબ વધી ગયો છે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા યોજાયેલ ફ્રી કીડની ચેક-અપ કેમ્પમાં ૬૮ દર્દીઓએ લાભ લીધો હતો.
- સે. ૨૨માં જૈન દેરાસર ખાતે 'જૈન લીટલ ચેમ્પસ' કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. ૬ થી ૧૮ વર્ષના કિશોર-કિશોરીઓ માટે ગાન સ્પર્ધા યોજાઈ હતી.
- ઈન્ડિયન મેડીકલ એસોશીએસનની આજે એક મહત્વની બેઠક ઈન્ફોસીટી ક્લબમાં મળી હતી.
- પ્રદેશ ભાજપની કારોબારીમાં લાડુ અને બાસુદીના ભોજન આમંત્રિતોને પીરસવામાં આવ્યા હતા.
- પ્રદેશ ભાજપની કારોબારીમાં યુ.પી.એ. સરકાર પર પ્રહાર કરતા ૧૦૦થી વધુ કાર્ટુનનું વિશેષ પ્રદર્શન યોજાયું હતું.
- આજે દિવસ દરમ્યાન વરસાદે વિરામ લેતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.
- ૧૭મીએ ગાંધીનગરના મહાત્મા મંદિરે યોજાનાર રાષ્ટ્રીય સેમિનાર પંચાયતી રાજ અને ગ્રામ વિકાસના બીજા દિવસે અતિથિઓને રાજ્યના વિવિધ જિલ્લાઓના પ્રવાસે લઈ જવામાં આવશે.
- સચિવાલય સંકુલમાં નવા બની રહેલા પાર્કિંગનું લોકાર્પણ આ માસના અંત સુધીમાં યોજાય તેવી શક્યતાઓ છે.
- પ્રદેશ ભાજપની કારોબારીમાં સ્મૃતિ ઈરાની અને ઓમ માથુરની ઉપસ્થિતિ નોંધનીય હતી.
- ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકની સામાન્ય સભામાં સભાસદોના તેજસ્વી સંતાનોનું સન્માન કરાયું હતું.
- બ્રહ્મભવનમાં ચૂંદડીવાળા માતાજીના વરદ હસ્તે સમાજના તેજસ્વી તારલાઓ સન્માનાયા હતા.

# રમઝાન અંતિમ ચરણમાં

## ઈદ પહેલાના રવિવારે ઘરાકીથી બજારમાં ભારે ભીડ

ગાંધીનગર, તા.૪

રમઝાન માસ તેના અંતિમ તબક્કામાં પહોંચતા શહેરના મુસ્લિમ બિરાદરોમાં ઉત્સાહનો માહોલ છે. ઈદ પહેલા રવિવારની રજાના દિવસે બજારમાં ઘરાકી નીકળી હતી. તૈયાર વસ્ત્રો અને ઘર સજાવટની ચીજવસ્તુઓનું વેચાણ વધ્યું હતું.

મસ્જિદોમાં રોનક જોવા મળી રહી છે. રમઝાન માસના અંતિમ ચરણમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન પણ થઈ રહ્યું છે. ઈદ હવે નજીકમાં જ હોવાથી તેની ઉજવણીનો વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઈદ પહેલાનો આજે છેલ્લો રવિવાર હોવાથી બજારોમાં ઘરાકી નીકળી હતી. તૈયાર વસ્ત્રો, ઘરસજાવટની ચીજવસ્તુઓ અને મીઠાઈ તથા ફરસાણની દુકાનોમાં ભીડ જોવા મળી હતી. ઈદનો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. મસ્જિદોમાં વિશેષ નમાઝના કાર્યક્રમો થઈ રહ્યા છે અને તેમાં હવે ખુબ ભીડ દેખાઈ રહી છે. આગામી સપ્તાહે શહેરમાં ખુબ ઉલ્લાસભેર ઈદની ઉજવણી કરવામાં આવશે.





ગાંધીનગરમાં ભાજપ છવાયો.... ભારતીય જનતા પાર્ટીની નવનિયુક્ત પ્રદેશ કારોબારીની બેઠક ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાઈ હતી. આગામી વર્ષે યોજાનારા લોકસભાની ચૂંટણીમાં ગુજરાત દેશભરમાં છવાયેલું રહેશે એવા તબક્કામાં ગુજરાત પ્રદેશની કારોબારી બેઠક ખુબ જ મહત્વની બની રહી હતી. ચૂંટણીની રણનીતિ ઉપરાંત સમગ્ર સંગઠન અને કાર્યપદ્ધતિ દેશભરમાં મોડેલરૂપ બને એવા સંકલ્પ સાથે બેઠક સંપન્ન થઈ હતી.



બદલાતા સમયમાં કેટલીક પરંપરાઓ ભૂલાતી જાય છે... પીઝા અને બર્ગરના જમાનામાં 'બુદ્ધિના બાલ' સાંભળતા જ બાળકો આશ્ચર્ય અનુભવે છે. આજથી દોઢ દાયકા પહેલાના સમયમાં 'બુદ્ધિના બાલ' બાળકો માટે હૉટ ફેવરિટ શેરીની વાનગી હતી. આજે ઘણા લાંબા સમય બાદ ગાંધીનગર જેવા શહેરી વિસ્તારમાં 'બુદ્ધિના બાલ'ની સેક્ટરોની ગલીઓ બુમ પડતાં સૌની સ્મૃતિપટ પર પરંપરાગત ગ્રામિણ સંસ્કૃતિનો ટહૂકો છવાયો હતો....

# માર્ગ વચાળે અડીંગો જમાવતા રખડતા ઢોરથી ભારે હાલાકી

## મુખ્યમાર્ગો પર બેઠક જમાવતા ઢોરના લીધે ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાય છે!!

ગાંધીનગર, તા.૪

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હવે એટલી હદે વકરી છે કે માર્ગ વચાળે અડીંગો જમાવતા ઢોરના લીધે મુખ્ય માર્ગો પર છાશવારે ટ્રાફિક જામ થઈ જાય છે! વરસાદી સીઝનમાં શહેરમાં ઠેર ઠેર જોવા મળતા ઢોરના લીધે સ્થાનિક નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. રહ્યું છે.

શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન દાયકાઓ જૂનો છે. રખડતા ઢોરોને ડબ્બામાં કેદ કરવા અગાઉ સે-૨૨માં ઢોર ડબ્બો કાર્યરત હતો પરંતુ આ ઢોર ડબ્બો પણ બંધ કરી દેવાતા હાલ ઢોર પકડવાની સુફીયાણી વાતો કરતા તંત્ર દ્વારા ઢોર ડબ્બા માટે ફળવાયેલી જગ્યાએ વ્યવસ્થા ગોઠવવા પણ કોઈ પ્રયાસો કર્યા નથી. શહેરમાં રખડતા ઢોરને અનુલક્ષી કોઈ નકકર આયોજન ન થતા હાલના સંજોગોમાં રખડતા ઢોરનો પ્રશ્ન વિકટ બન્યો છે. વરસાદી દિવસોમાં શહેરમાં નજર નાંખો ત્યાં રખડતા ઢોર જોવા મળે છે. શહેરના જાહેર સ્થળો સહીત મુખ્યમાર્ગો અને સેકટરોના આંતરિક વિસ્તારમાં રખડતા ઢોર ટ્રાફિકની દ્દષ્ટિએ અત્યંત જોખમી પુરવાર થયા છે. રખડતા ઢોરના લીધે માર્ગસલામતી અને સ્વચ્છતાની સમસ્યા વધુ જટીલ બની છે. શહેરના મુખ્ય માર્ગો પર વચાળે અડીંગો જમાવીને બેસતા



શહેરના મુખ્ય માર્ગો પર માર્ગ વચાળે જ અડ્ડો જમાવતા ઢોરના ત્રાસથી રોડ સેફ્ટી જોખમાતા રોજબરોજ વાહનચાલકો નાના મોટા અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આમ છતાં ઢોર ડબ્બા શરુ કરવાના મામલે કોર્પોરેશનનું તંત્ર હજુ પણ બેધ્યાન ઢોરના લીધે ઘણીવાર ટ્રાફીક જામ થઈ જાય છે. બીજી તરફ જાન લેવા અકસ્માત થવાની પણ દહેશત છે આવા સંજોગોમાં આ સમસ્યા નિયંત્રણમાં લેવા કોર્પોરશન કક્ષાએથી પણ વાતો સિવાય કાંઈ થઈ શકયું નથી.

# નશાબંધી ખાતામાં પ્રથમ વખત મહિલા પોલીસની નિમણૂંક

## દારૂબંધીના કડક અમલ માટે નશાબંધી ખાતામાં ૧૬ મહિલા સબ ઈન્સ્પેકટર અને ૩૭ મહિલા કોન્સ્ટેબલોને નિમણુંક

ગાંધીનગર, તા.૪

દારૂબંધીનો કડક અમલ કરાવવા માટે નશાબંધી વિભાગે સૌ પ્રથમવાર એક મત્વપૂર્ણ નિર્ણય લઈ નશાબંધી વિભાગમાં મહિલા પોલીસની નિમણૂંક કરી છે. ૧૬ મહિલા પોલીસ સબ ઈન્સ્પેકટર અને ૩૭ મહિલા કોન્સ્ટેબલ સહિત ૫૦ મહિલાઓને નશાબંધીમાં મુકવામાં આવી છે.

ગૃહ વિભાગના એડીશનલ સેક્રેટરી (નશાબંધી) મિલિંદ તોરવણે કહે છે કે મહિલાઓ સંવેદનશીલ કામમાં ગંભીર, પ્રતિબધ્ધ અને જવાબદાર હોય છે. શરાબના સેવનથી થતા નુકશાનથી તેઓ વાકેફ હોવાથી નશાબંધીના કડક અમલમાં તેમની મદદ મળી રહે છે. પીએસઆઈ તરીકે તેઓ વિભાગની પેટા ઓફિસના વડા તરીકે કામ કરશે તો કોન્સ્ટેબલ તેમની સાથે જ કામમાં રહી શરાબનું વેચાણ અટકાવશે અને તે સંબંધિત ગેરરીતીમાં પણ પગલાં લેશે. ૨૦૦૬માં વિભાગ પાસેથી એન્ફોર્સમેન્ટની સત્તાઓ લઈ પોલીસ ખાતાને હવાલે કરવામાં આવ્યા હતા. નશાબંધી વિભાગમાં હવે નવી પેઢી આવી છે. તેઓ માત્ર નોકરી નહીં, કારકીર્દી માટે પણ કામ કરે છે. ખાસ કરીને આ ક્ષેત્રમાં આવતી મહિલાઓ લક્ષ્યાંક નક્કી કરીને આવે છે.

રાજયમાં નશાબંધીનો સંપૂર્ણપણે અમલ કરાય છે. તબીબી કારણોસર માત્ર પરમીટ લઈને જ શરાબનું સેવન કરી શકાય છે. અન્ય રાજયોના પ્રવાસીઓ અને એનઆરઆઈને પરમીટ કાઢી આપવામાં આવે છે. નશાબંધી વિભાગ પરમીટ ઈસ્યુ કરે છે અને આઉટલેટ તથા કંપનીઓ પર પોતાનો સ્ટાફ પણ નિયમન માટે બેસાડે છે. શરાબ લઈ જતા વાહનને એસ્કોર્ટ પણ કરે છે. હવે મહિલા સ્ટાફ શરાબ તથા મોલાસીસની આયાત-નિકાસ શરાબ તથા મોલાસીસની આયાત-નિકાસ પર નજર રાખશે અને ઉત્પાદન સ્થળે પણ ઓફિસમાં હાજરી આપશે. આ સ્ટાફ સમાજમાં જાગૃતિ માટેના કાર્યક્રમોમાં ભાગ લેશે. નવી નિમણુંક પામનાર મહિલા સ્ટાફને તાલીમ પણ અપાશે.

## હવે મહિલા સ્ટાફ શરાબ તથા મોલાસીસની આયાત-નિકાસ શરાબ તથા મોલાસીસની આયાત-નિકાસ પર નજર રાખશે

# સંસદસભ્યો ધારાસભ્યોના સંદર્ભોનો સત્વરે નિકાલ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા.૪

સંસદસભ્યો અને ધારાસભ્યો દ્વારા તેમના મત વિસ્તારને લગતા પ્રશ્નો અંગે કરવામાં આવતી ભલામણોના સંદર્ભોનો સમય મર્યાદામાં નિકાલ કરવા માટે તમામ વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંસદસભ્યો અને ધારાસભ્યો દ્વારા તેમના મતવિસ્તારને સ્પર્શતા પ્રશ્નોના નિરાકરણ માટે જે તે સંબંધીત વિભાગોને રજૂઆત પત્રો લખવામાં આવે છે. સંસદસભ્યો અને ધારાસભ્યો દ્વારા કરવામાં આવતી રજુઆતોનો સમય મર્યાદામાં નિકાલ કરવા માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવેલી છે.

આમ છતાં અનુભવે રાજય સરકારના ધ્યાન પર એવું આવવા પામ્યું છે કે કેટલાક વિભાગોને મળેલ સંસદસભ્યો ધારાસભ્યોના સંદર્ભોનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવતો નથી. કેટલાક વિભાગોમાં તો સંસદસભ્યો અને ધારાસભ્યોના સંદર્ભો નિકાલ થયા વગર એક થી બે માસના સમયથી પડતર હોવાનું પણ સરકારના ધ્યાન પર આવવા પામ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ સંસદસભ્યો ધારાસભ્યોના સંદર્ભો કયા કયા વિભાગમાં કેટલા સંદર્ભો કેટલા સમયથી પડતર છે તે અંગેની સમીક્ષા મુખ્ય સચિવના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં કરવામાં આવી હતી જેમાં સામાન્ય વહીવટ વિભાગના વસુતાપ્ર પ્રભાગ દ્વારા વિગતો રજુ કરવામાં આવી હતી.

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 9825136929, 9925039672, 9925033729

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com